પૂર્ણા નદી ૨૬ ફૂટે વહેતી થતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણીનો ભરાવો શરૂ થયો હોવાના અહેવાલ

મેઘરાજાનું તાંડવ: વાંસદામાં 11 ઈંચથી પૂરની સ્થિતિ

ધર્મેશ પટેલ

નિલેશ કાપડિયા

વિદ્યાર્થીઓની સલામતી માટે તમામ શાળા-કોલેજોમાં રજા જાહેર

એનડીઆરએફ અને એસડીઆરએફની ટીમો સ્ટેન્ડબાય, જિલ્લાના 130થી વધુ રસ્તા પાણીમાં ગરકાવ

ભયજનક સપાટીથી ઉપર વહેતી પૂર્ણા નદી

નવસારી, ધેજ, બીલીમોરા, વાંસદાઃ નવસારી જિલ્લામાં અને ઉપરવાસમાં ધોધમાર વરસાદને પગલે પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. સૌથી વધુ વાંસદા તાલુકામાં 11 ઈંચ વરસાદ નોંધાયો છે, જ્યારે ડાંગ જિલ્લામાં ભારે વરસાદના કારણે પૂર્ણા નદીનું જળસ્તર સતત વધી રહ્યું છે.

જિલ્લામાં 130થી વધુ રસ્તાઓ પર પાણી ફરી વળતાં વાહનવ્યવહાર પ્રભાવિત થયો છે. વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાનમાં રાખી તમામ શાળા-કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી છે. છેલ્લા 12 કલાકમાં વાંસદા 11 ઈંચ, નવસારી અને ખેરગામ 8-8 ઈંચ, જલાલપોર 7 ઈંચ તથા ગણદેવી અને ચીખલીમાં 4-4 ઈંચ વરસાદ નોંધાયો છે.

જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ વહીવટી તંત્ર, પોલીસ, ફાયર, એનડીઆરએફ અને એસડીઆરએફની ટીમો સતત કામગીરીમાં જોડાઈ છે. નાગરિકોને નદી-નાળાઓથી દૂર રહેવા, બિનજરૂરી મુસાફરી ટાળવા અને માત્ર સત્તાવાર સૂચનાઓનું જ પાલન કરવા અપીલ કરવામાં આવી છે.

હાલ નવસારી ખાતે પૂર્ણા નદીની સપાટી 26 ફુટે છે તેની ભયજનક સપાટી 23 ફુટની છે 26 ફુટે પાણી વહેતા નવસારી શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણીનો ભરાવો શરૂ થયો હોવાનું જાણવા મળે છે.

નવસારીના ઉભરાટ, દાંડી અને ચાંગલી ફળિયા બીચ બંધ

નવસારી : રેડ એલર્ટને પગલે જલાલપોર તાલુકાના ઉભરાટ બીચ, દાંડી બીચ અને ઓંજલના ચાંગલી ફળિયા બીચ આગામી સૂચના સુધી સહેલાણીઓ અને સામાન્ય જનતા માટે બંધ જાહેર કર્યા છે. નાગરિકો અને વાહનચાલકોને બીચ વિસ્તાર તરફ ન જવા તેમજ દરિયાકિનારાથી દૂર રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

જિલ્લામાંથી ૬,૯૮૪ નાગરિકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા

નવસારીઃ નવસારી જિલ્લા વહીવટી તંત્રે વ્યાપક રાહત અને બચાવ કામગીરી હાથ ધરી છે. ૩૧ જુલાઈને સાંજે ૭:૦૦ વાગ્યા સુધીમાં જિલ્લાના ૧૧૪ ગામો તથા નગરપાલિકા વિસ્તારના કુલ ૬,૯૮૪ નાગરિકોને સંભવિત જોખમમાંથી બહાર કાઢી સુરક્ષિત આશ્રયસ્થાનોમાં સ્થળાંતરિત કરવામાં આવ્યા છે.

ચીખલી તાલુકાના ૨૦ ગામના ૨૦૩૦ લોકોનું સ્થળાંતર

ચીખલી પંથકમાં ૩.૯૦ ઈંચ વરસાદથી જળબંબાકાર

ધેજ : ચીખલી પંથકમાં ૩.૯૦ ઇચ વરસાદ વચ્ચે નદી કાંઠાના ગામોના નીચાણવાળા વિસ્તારના લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યુ હતુ. ઉપરવાસમાં મુશળધાર વરસાદને પગલે કાવેરી નદી ભયજનક સપાટી વટાવી ૨૧ ફૂટે વહેતા અને સતત વધારો થતા લોકોમાં ઉચાટ ફેલાયો હતો. ગત સપ્તાહના પૂરની આફતમાંથી લોકો હજુ બહાર આવ્યા હતા ત્યાં જ ફરી પૂરનું જોખમ તોળતા લોકોની ચિંતા વધી હતી.

ગુરુવારના દિવસે જ કાવેરી, ખરેરા સહિતની નદી કાંઠાના ગામોના નીચાણવાળા વિસ્તારના લોકોને સલામત સ્થળે ખસી જવા લાઉડ સ્પીકરના માધ્યમથી લોકોને સાવચેત કરાયા હતા અને તકેદારીના ભાગરૂપે આજે સવારથી જ નદી કાંઠાના હરણગામ, ખૂંધ, સાદકપોર ગોલવાડ, ચીખલી, સમરોલી, તલાવચોરા, હોન્ડ સહિતના વીસ ગામોમાં વીસ ટીમોને સ્ટેન્ડબાય કરી લોકોનુ સ્થળાંતર કરાવવાનું શરૂ કરી પ્રાથમિક શાળામાં ખસેડાયા હતા. ઉપરવાસમાં પણ સતત વરસાદ વચ્ચે સાંજે છ વાગ્યે ૧૯ ફૂટની ભયજનક સપાટી વટાવી ૨૧ ફૂટે પહોચી હતી, આ ઉપરાંત ખરેરા, અંબિકા સહિતની લોકમાતાઓ અને સ્થાનિક કોતરોમાં પણ પાણીની સપાટીમાં વધારો થતા લોકોની ચિંતા વધી હતી. ચીખલી તાલુકામાં વહેલી સવારથી ધીમીગતિએ વરસાદે શરૂઆત કરી બપોરે બે વાગ્યાના ચાર કલાકમાં ૬૫ મીમી જેટલા વરસાદ સાથે સાંજે છ વાગ્યાના બાર કલાકમાં ૩.૯૦ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો અને આ સાથે સીઝન કુલ વરસાદ ૯૧.૬૦ ઈંચ જેટલો નોંધાયો હતો. ચીખલી તાલુકાના ૨૦ ગામોના ૨૦૩૦ લોકોને સ્થળાંતર કરાવાયું હતુ.

અમલસાડમાં આર્મીની ટીમ ઉતારવામાં આવી

બીલીમોરા : જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક ખ્યાતિ પટેલ તથા ગણદેવી પોલીસ ઇન્સ્પેક્ટર દ્વારા અમલસાડ અને સરીખુર્દ ગામ ખાતે સ્થળાંતરિત કરવામાં આવેલા નાગરિકો માટે ઉભા કરાયેલા આશ્રયસ્થાનોની મુલાકાત લેવામાં આવી હતી. દરમિયાન લોકો માટે ઉપલબ્ધ રહેઠાણ, પીવાનું પાણી, સ્વચ્છતા, આરોગ્ય, વીજળી તેમજ સુવિધાઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. અધિકારીઓને તમામ સુવિધાઓ ઉપલબ્ધ રહે તેમજ સ્થળાંતરિત નાગરિકોને મુશ્કેલી ન પડે તે માટે સૂચનાઓ આપવામાં આવી હતી. ઉપરાંત અમલસાડ ખાતે પહોંચેલી આર્મીની ટીમ સાથે અગાઉ સર્જાયેલી પૂર પરિસ્થિતિ, સંવેદનશીલ વિસ્તારો તેમજ રાહત અને બચાવ કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

પ્રખ્યાત ગીરાધોધ રૌદ્ર સ્વરૂપે વહેતો થતાં પ્રવાસીઓ માટે એક દિવસ બંધ રખાયો

ડાંગમાં મેઘરાજાની ઘમાસાણ બેટિંગ

નદી-નાળા બે કાંઠે વહેતાં ૫૫ કોઝવે પાણીમાં ગરકાવ, ૧૦૦થી વધુ ગામોનો સંપર્ક તૂટ્યો

અંબિકા, પૂર્ણા અને ગીરા નદીઓમાં ઘોડાપૂર આવતા નીચાણવાળા વિસ્તારો જળબંબાકાર, ડાંગની નદીઓ ગાંડીતૂર

ડાંગ જિલ્લામાં આજે શાળા, કોલેજો બંધ

ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લામાં શુક્રવારે મેઘરાજાએ ધોધમાર બેટિંગ કરતાં સમગ્ર જિલ્લામાં જનજીવન અસ્તવ્યસ્ત બની ગયુ હતુ. જિલ્લાનાં સુબિર તાલુકા, ચીંચલી વિસ્તાર તેમજ ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને પગલે અંબિકા, ખાપરી, પૂર્ણા, ગીરા અને ધોધડ નદીઓ બે કાંઠે વહેવા લાગી હતી. નદીઓ, વહેળાઓ, કોતરડા અને ઝરણાઓમાં ઘોડાપૂર આવતા અનેક વિસ્તારો જળબંબાકાર બન્યા હતા. ભારે વરસાદને કારણે જિલ્લાના નીચાણવાળા 55 જેટલા કોઝવેકમ પુલો પાણીમાં ગરકાવ થઈ જતા 100થી વધુ ગામોનો જિલ્લા વહીવટી મથક સાથેનો માર્ગ સંપર્ક તૂટી ગયો હતો. જેના કારણે ગ્રામજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો અને જનજીવન તેમજ પશુપાલન પર વ્યાપક અસર જોવા મળી હતી. ડાંગ જિલ્લાનાં સાપુતારા, શામગહાન, ગલકુંડ, બોરખલ, આહવા, ચીંચલી, ગારખડી, પીપલાઈદેવી, લવચાલી, સુબિર, પીપલદહાડ, સિંગાણા, મહાલ, બરડીપાડા, ભેંસકાતરી, કાલીબેલ, ઝાવડા, પીંપરી, સાકરપાતળ, વઘઈ સહિત પૂર્વ પટ્ટી અને સરહદીય વિસ્તારોમાં દિવસભર વરસાદી માહોલ યથાવત રહ્યો હતો. વઘઈનો પ્રખ્યાત ગીરાધોધ અને ગીરમાળનો ગીરાધોધ ભારે વરસાદને પગલે રૌદ્ર સ્વરૂપે વહેતા જોવા મળ્યા હતા. ભારે વરસાદમાં સલામતીના કારણોસર વઘઈ નજીક આવેલો ગીરાધોધ શુક્રવારે એક દિવસ માટે પ્રવાસીઓ માટે બંધ રાખવામાં આવ્યો હતો. વરસાદી માહોલમાં ગિરિમથક સાપુતારામાં દિવસભર ગાઢ ધુમ્મસની સફેદ ચાદર છવાઈ રહેતા દૃશ્યતા ઘટી ગઈ હતી. પરિણામે વાહનચાલકોને દિવસ દરમિયાન પણ હેડલાઇટ અને ઇન્ડિકેટર ચાલુ રાખીને વાહન ચલાવવાની ફરજ પડી હતી. મોડી સાંજે સાપુતારા ઘાટમાર્ગનાં નીચાણવાળા સ્થળોએ પાણી ભરાયા હતા. ડાંગ જિલ્લાના અનેક કોઝવેકમ પુલો પાણીમાં ગરકાવ હોવા છતાં કેટલાક લોકો અને વાહનચાલકો જીવના જોખમે પાણીમાંથી પસાર થતાં જોવા મળ્યા હતા. તંત્ર દ્વારા નાગરિકોને જોખમ ન ખેડવા અને વરસાદી પરિસ્થિતિમાં સંપૂર્ણ સાવચેતી રાખવાની અપીલ કરવામાં આવી છે.

ડાંગ જિલ્લામાં ભારે વરસાદની આગાહી વચ્ચે જિલ્લા કલેક્ટર એન. ડી. પરમારે તા. ૧ ઓગસ્ટે આંગણવાડી કેન્દ્રો, શાળાઓ તેમજ કોલેજોમાં વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક કાર્ય બંધ રાખવાનો નિર્ણય લીધો છે.

પૂર્ણા નદીમાં દરિયાની જેમ મોજા ઉછળ્યા

ભારે વરસાદનાં પગલે પૂર્ણા નદી રોદ્ર સ્વરૂપમાં આવી ભયજનક સપાટી વટાવતા પૂર્ણા નદીમાં દરિયાની જેમ મોજા ઉછળ્યા હતા. સાથે પૂર્ણા નદી પર આવેલ ભેંસકાતરી-માયાદેવી પુલ અને કાલીબેલ નજીક આવેલો ગોદડિયા પુલ પરથી ધસમસતા પાણીનો પ્રવાહ ફરી વળ્યો હતો. બંને મોટા પુલ પરથી પાણીનો પ્રવાહ ફરી વળતા ભેંસકાતરી વ્યારા તરફ જતો માર્ગ અવરોધાયો હતો.

મહાલ એકલવ્ય કેમ્પસમાં પાણી ભરાઈ જતા 311 બાળકોનું સ્થળાંતર

શુક્રવારે ભારે વરસાદ કારણે રેસીડેન્સી સ્કુલ એકલવ્ય મહાલ શાળાનાં પ્રાંગણમાં પુર્ણા નદીના પાણી ફરી વળ્યા હતા. અહી હોસ્ટેલમાં રહેતા કુલ 311 વિદ્યાર્થીઓને નજીકમાં આવેલી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ખસેડવામાં આવ્યા હતા. ચાલુ વર્ષે તંત્રની સમયસૂચકતાનાં પગલે બાળકોને સુરક્ષિત રીતે અન્ય શાળામાં વ્યવસ્થા કરવામાં આવી હતી. જ્યાં મામલતદાર સુબીર, પીઆઇ સુબીર, ગામના આગેવાનો તેમજ સબંધિત શાળાના શિક્ષકો જોડે હાજર રહ્યા હતા.

વાંસદામાં મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપ

તાલુકામાં ૧૭૯ લોકોનું સ્થળાંતર કરાયું

ઉનાઈ માતાજી મંદિર ગેટ પાસે ઘૂંટણસમા પાણી ભરાયા

પાલગભાણ ગામના ઉતારા ફળિયામાં પાણી ઘૂસ્યા

નિલેશ કાપડિયા

વાંસદાઃ વાંસદા તાલુકામાં છેલ્લા ૧૨ કલાક દરમિયાન અંદાજે ૧૦ ઈંચ વરસાદ નોંધાતા જનજીવન પર અસર જોવા મળી હતી. ભારે વરસાદને કારણે તાલુકાની નદીઓ, નાળા, ચેકડેમ અને કોઝવે પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. પરિણામે વાંસદા તાલુકાના કુલ ૪૫ જેટલા માર્ગો વાહન વ્યવહાર માટે બંધ કરવાની ફરજ પડી હતી. અનેક ગામોનો સંપર્ક ખોરવાતા લોકોને અવર જવરમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. વહીવટી તંત્ર દ્વારા લોકોને બિનજરૂરી મુસાફરી ટાળવા તેમજ પાણી ભરાયેલા માર્ગો અને કોઝવે પરથી પસાર ન થવા અપીલ કરવામાં આવી છે.

સુપ્રસિદ્ધ યાત્રાધામ ઉનાઈ ખાતે ધોધમાર વરસાદને પગલે ઉનાઈ માતાજી મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર (ગેટ) પાસે ઘૂંટણસમા વરસાદી પાણી ભરાઈ જતા લોકો માટે મુશ્કેલી સર્જાઈ હતી. તંત્ર દ્વારા નદી, ખાડી, કોઝવે અને નીચાણવાળા વિસ્તારોમાં રહેતા કુલ ૧૭૯ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. પાલગભાણ ગામના ઉતારા ફળિયામાં કાવેરો નદીનું પાણી નીચાણવાળા વિસ્તારોમાં ફરી વળતાં કેટલાક ઘરોમાં પાણી ઘૂસી ગયું હતું. જેથી ચાર લોકોને પ્રાથમિક શાળામાં ખસેડવામાં આવ્યા છે.

વાંસદાના ગાંધીનગર ફળિયાના ઘરોમાં ફરી પાણી ઘૂસ્યા

વાંસદાઃ વાંસદા ગામના ગાંધીનગર ફળિયામાં ભારે વરસાદને પગલે ફરી એકવાર નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ જતાં સ્થાનિકો મુશ્કેલીમાં મુકાયા છે. અંદાજે ૨૫ જેટલા ઘરોમાં કમર સુધી વરસાદી પાણી ઘૂસી જતાં રહેવાસીઓનું જનજીવન પ્રભાવિત બન્યું છે. ભારે વરસાદના કારણે ફળિયાના રસ્તાઓ પણ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા, જેના કારણે લોકોની અવરજવર મુશ્કેલ બની હતી. ઘરોમાં પાણી ભરાઈ જતાં ઘરવખરીને પણ નુકસાન પહોંચ્યું હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું. થોડા દિવસો અગાઉ આવેલા ભારે વરસાદ બાદ રહેવાસીઓએ ઘરમાંથી પાણી, કાદવ અને કીચડની ભારે મહેનતે સફાઈ કરી હતી. જોકે ફરી એકવાર એ જ સ્થિતિ સર્જાતા સ્થાનિકોની હાલત દયનીય બની છે. વારંવાર સર્જાતી આ સમસ્યાના કાયમી ઉકેલ માટે સ્થાનિકોએ તંત્ર સમક્ષ અસરકારક ડ્રેનેજ વ્યવસ્થા અને જરૂરી પગલાં ભરવાની માંગ કરી છે.

ખેરગામમાં પાણીના નિકાલના અભાવે મકાન ધરાશાયી થવાની દહેશત

ખેરગામ : ખેરગામના સીમાડે લહેરખા ફળિયા પાસે બહેજ તળાવ વિસ્તારમાં રહેતા માજી સરપંચ અર્જુન પટેલે ચોમાસાના ભરાતા પાણીના નિકાલ અંગે તંત્ર સમક્ષ રોષ વ્યક્ત કર્યો છે. યોગ્ય નિકાલના અભાવે તેમના ઘરની દીવાલ નમી ગઈ છે, જેના કારણે મકાન ધરાશાયી થવાની સંભાવના સેવાઈ રહી છે. અર્જુનભાઈએ મામલતદારને લેખિત રજૂઆત કરી જણાવ્યું છે કે અગાઉ રજૂઆતો કરાઈ છે. સ્થળ પર માત્ર ચાર પાઇપ મૂકાયા છે પરંતુ કાયમી નિકાલની કોઈ કામગીરી થઈ નથી. પાયામાં પાણી ઉતરવાથી પરિવાર અને પશુઓ દબાઈ જવાનો ભય છે. જો સાત દિવસમાં યોગ્ય વ્યવસ્થા નહીં થાય તો જાનમાલના નુકસાનની તમામ જવાબદારી સરકારી તંત્રની રહેશે તેવી ચીમકી ઉચ્ચારાઈ છે.

કાવેરી અને અંબિકા નદી બે કાંઠે

દેવધા ગામેથી ૩૦ દિવસના બાળક અને માતાનું સલામત સ્થળાંતર

બીલીમોરા : ગણદેવી તાલુકામાં 24 કલાકમાં ગણદેવીમાં 3.76 ઈંચ વરસાદ વરસ્યો હતો. દિવસ દરમ્યાન કાવેરી નદીની જળસપાટીમાં 5.5 ફૂટ અને અંબિકા નદીની જળ સપાટીમાં 6.4 ફૂટનો વધારો નોંધાયો હતો. તે સાથે કાવેરી નદી (ભયજનક 19 ફૂટ) થી 1 ફૂટ વધી 20 ફૂટ અને અંબિકા નદી 18.14 ફૂટે વહેતી થઈ હતી. લોકમાતાઓની જળ સપાટીમાં તોતિંગ વધારાનાં કારણે લોકો અજંપાભરી સ્થિતિમાં મુકાયા હતા.

વર્તમાન ચોમાસાની ઋતુ દરમ્યાન ગણદેવી તાલુકામાં 72.96 ઈંચ વરસાદ નોંધાયો હતો. ગણદેવા ગામે ખારેલ ઓવરબ્રિજ નજીક સર્વિસ રોડ ઉપર 18 પૈડાંનો તોતિંગ ટ્રક ગટરમાં ફસાયો હતો. જ્યારે સર્વિસ રોડ ઉપર એક વૃક્ષ પણ પડ્યું હતું. જેને કારણે અર્ધા સર્વિસ રોડ ઉપર અવરોધ સર્જાયો હતો. સાપ્તાહ અગાઉ ભયાવહ પૂરની શાહી સુકાઈ નથી ત્યાં ફરી સાંબેલાધાર વરસાદે છડી પોકારતા લોકોના જીવ પડીકે બંધાયા છે. બીજી તરફ વહીવટી તંત્ર પણ સજ્જ છે. ગણદેવીના દેવધા ગામેથી 30 દિવસના બાળક અને માતાને સુરક્ષિત રીતે અમલસાડ સીએચસી ખાતે ખસેડાયા હતા. સંભવિત જોખમને ધ્યાનમાં રાખી બંનેને દેવધાથી અમલસાડ કોમ્યુનિટી હેલ્થ સેન્ટર ખસેડવામાં આવ્યા હતા.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
IDFC FIRST Bank
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ–૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦
ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ

આથી નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હતી. તેમ્રો દ્વારા જે તે લોન કરાર મુજબના કરારો–શરતો અને નિયમનું પાલન કરવામાં કસુર થયેલ છે અને અનિયમિતતા દર્શાવેલ છે. તેથી લોન આરબીઆઈના નિર્દેશ મુજબ એનપીએ થયેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** એ તેમની પાસે બાકી લેણી રકમ અંગે નોટીસ આપી નીચે દર્શાવેલ કોષ્ટકમાં નિર્દેશ કરેલ વિગત મુજબ બાકી રકમ ઉપર લાગુ વ્યાજ અને તેજ રીતે કરાર મુજબનું વ્યાજ જે તે તારીખથી ચાર્જ કરશે.

અ. નં.	લોન એકાઉન્ટ નંબર	લોનનો પ્રકાર	દેવાદારો / સહદેવાદારોનું નામ	૧૩(૨) નોટીસની તારીખ	૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ
૧.	૧૭૩૪૯૭૦૩	હોમ લોન	૧. લલીતાબેન ભરતભાઈ પાટીલ ૨. ભરત પાટીલ	૨૫.૦૭.૨૦૨૬	રૂા.૧૦,૬૯,૩૫૯.૨૪

મિલકત નુ સરનામુ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતો આર્ય રેસીડન્સી નો પ્લોટ નં. ૨૧૨, માપ ૭૨ ચો.વાર એટલેકે ૬૦.૨૮ ચો.મી. રોડ અને સી ઓ પી ની જમીન ના ૩૫.૨૬ ચો.મી. ના વણવહેચેલા હિસ્સા સહિત રેવન્યુ સર્વે નં. ૫૫ બ્લોક નં. ૮૨ મોજે ગામ કરેલી, પલસાણા સુરત–ગુજરાત ખાતે આવેલ છે.**જેની ચતુર્દિશા : પૂર્વ તરફ** :સોસાયટી આંતરીક રોડ,**પશ્ચિમ તરફ** : પ્લોટ નં. ૨૨૭ , **ઉત્તર તરફ** : પ્લોટ નં. ૨૧૩, **દક્ષિણ તરફ** : પ્લોટ નં. ૨૧૧ આવેલ છે.

૨.	૧૦૭૨૨૦૬૬૩	મિલકત સામે લોન	૧. આશીષ અરૂણભાઈ જૈન ૨. કિંખા યાર્ન ટ્રેડસ ૩. જૈન રામેશ્વરી અરૂણભાઈ	૨૨.૦૭.૨૦૨૬	રૂા.૧૩,૮૮,૬૭૩.૪૧

મિલકત નુ સરનામુ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી દુકાન નં. એસ–૪૫, માપ આશરે ૨૯૨ ચો.ફુટ એટલે કે ૨૭.૧૪ ચો.મી. સુપર બિલ્ટઅપ એરીયા અને માપ આશરે ૨૨.૬૨ ચો.મી બિલ્ટઅપ એરીયા, ૧૦.૩૧ ચો.મી ના વણવહેચાયેલા જમીન ના હિસ્સા સહિત સીલીકોન શોપર્સ નામ ની જાણીતી સ્કીમ ના બિજા માળે આવેલ છે. જે રેવન્યુ સર્વે નં. ૩૭ ના ભાગમાં, સીટી સર્વે નં. ટીકા નં. ૩, ફાઈનલ પ્લોટ નં. ૨૨, ટી પી એસ નં.૧, (ઉધના મજૂરા) મોજે ઉધના મેઈન રોડ, તાલુકા ચોર્યાસી ના રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક અને સબડિસ્ટ્રીક સુરત ગુજરાત–૩૯૫૨૧૦, ખાતે આવેલ છે.**જેની ચતુર્દિશા : પૂર્વ તરફ** :જોડેના રોડ,**પશ્ચિમ તરફ** : જોડેનો એફ.પી નં. ૨૨ પૈકી ની જમીન , **ઉત્તર તરફ** : જોડેનો રોડ, **દક્ષિણ તરફ** : જોડેનો એફ.પી નં. ૨૨ પૈકી ની જમીન આવેલ છે.

આથી **તમને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ની ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબની બાકી રકમ કરાર આધારિત જે તે તારીખથી અન્ય કોસ્ટ ચાર્જીસ સહીત આ નોટીસ છપાયાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવે છે. જેમ કરવામાં કસુર થયેથી નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ના અધિકૃત અધિકારી સરફેસી એકટની ધારા ૧૩(૪) અને ધારા ૧૪ હેઠળ કાર્યવાહી કરી બાકી રકમની વસુલી કરશે. વધુમાં તમને આ કાયદાની ધારા ૧૩(૧૩) હેઠળ સુરક્ષિત મીલકત વેચાણ–ભાડે કે અન્ય રીતે વ્યવહાર ન કરવા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહિ/–
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ.
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)

તારીખ : ૦૧.૦૮.૨૦૨૬
સ્થળ : સુરત, ગુજરાત

Muthoot Homefin
Muthoot Homefin (India) Ltd.
CIN-U65922KL2011PLC029231
કોર્પોરેટ ઓફિસઃ મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ, 19/E, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, તુલસી પાઇપ રોડ, રૂપારેલ કોલેજ નજીક, દાદર વેસ્ટ, મુંબઈ - 400028.
બ્રાન્ચ ઓફિસઃ મૂથૂટ હોમફિન (I) લિમિટેડ ઓફિસ નંબર 502, 5th માળ, રિદ્ધિ આર્કેડ, નારંગી બાયપાસ રોડ, વાયકે નગર, પેન્ટાલૂન્સ શોરૂમ ઉપર, વિરાર (વેસ્ટ), પાલઘર - 401304

પરિશિષ્ટ-IV-A [નિયમ 8(6) ની જોગવાઈ જુઓ]
પ્રાઇવેટ ટ્રીટી કમ વેચાણ માટેની જાહેર નોટિસ

સિક્યોરિટીઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા ઉધારકર્તાઓ પાસેથી બાકી લેણી રકમની વસૂલાત માટે નીચે દર્શાવેલ ગીરિ મુકાયેલી સંપત્તિનો કબજો લીધા અનુસંધાને, નીચે વર્ણવેલ સ્થાવર મિલકત ખરીદવા માટે સીલબંધ કવરમાં નીચે સહી કરનાર દ્વારા ઓફરો આમંત્રિત કરવામાં આવે છે, જે 'જેમ છે જ્યાં છે તેના આધારે', 'જેમ છે જેવું છે તેના આધારે' અને 'જે કંઈ પણ છે તેના આધારે' કબજામાં છે, જેની વિગતો નીચે મુજબ છેઃ-

અ. નં.	ઋણ લેનારાઓ/ સહ-ઋણ લેનારાઓ/ જામીનદારો / લોન એકાઉન્ટ નંબર / શાખા	માંગણી નોટિસ તારીખ અને રકમ	સ્થાવર મિલકતનું વર્ણન	રિઝર્વ પ્રાઇસ	અનામત ડિપોઝિટ (EMD) (RP ના 10%)
1.	દેવેન્દ્ર પ્રવીણભાઈ વિસરોલિયા / ગુણવંતીબેન પ્રવીણભાઈ વિસરોલિયા / 002-00001263 / વલસાડ	રૂ. 18-Aug-2023 22,25,194/- રૂપિયા બાવીસ લાખ પચીસ હજાર એકસો ચોરાણું માત્ર.	ફ્લેટ નંબર F-3/407 ચોથો માળ, "શિવમ વિહાર" ગામ સોલસુંબા તા. ઉમરગામ, સુરત.	રૂ. 8,00,000/- રૂપિયા આઠ લાખ માત્ર.	રૂ. 80,000/- રૂપિયા એંસી હજાર માત્ર.

1. હરાજી "જેમ છે જ્યાં છે" અને "જેમ છે જેવું છે" તેના આધારે યોજવામાં આવી રહી છે
2. હરાજી વેચાણની વિગતવાર નિયમો અને શરતો નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં સમાવિષ્ટ છે, જે ઉપર જણાવેલ પ્રાદેશિક કાર્યાલયમાં ઉપલબ્ધ છે
3. 'મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ' ની તરફેણમાં ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ચૂકવવાપાત્ર EMD અને KYC સાથે નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં સીલબંધ બીડ/ઓફર સબમિટ કરવાની છેલ્લી તારીખ 20-Aug-2026 ના રોજ સાંજના 04:00 વાગ્યા સુધી ઉપર દર્શાવેલ સરનામે પ્ર